


# આહ્‌વાન

**A Monthly Bulletin of Shahpur Methodist Church**



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : revrajuparmar@gmail.com — Pastor : Rev. Raju N. Parmar

Visit us at : www.shahpurmethodistchurch.com — (M) 8238260259



વર્ષ - ૫૪ | નવેમ્બર - ૨૦૨૫ | પત્ર - ૧૪૭


## આદરયોગ્ય પાત્ર

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,
પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

આ વર્ષનો વી.બી.એસ.માં મુદ્રાલેખ હતો, 'આદરયોગ્ય પાત્ર'. ૨ તિમોથી ૨:૨૦-૨૧' 'પણ મોટા ઘરમાં કેવળ સોનારૂપાનાં જ નહિ, પણ લાકડાનાં તથા માટીના પાત્રો પણ હોય છે. તેઓમાંના કેટલાક ઉત્તમ કાર્યોને માટે ને કેટલાક હલકાં કાર્યોને માટે હોય છે એ માટે જો કોઈ પાછલાથી પોતાને દૂર રાખીને શુદ્ધ રહે, તો તે ઉત્તમ કાર્યને સારું પવિત્ર કરેલું, સ્વામીને ઉપયોગી તથા સર્વ સારાં કામને માટે તૈયાર કરેલું પાત્ર થશે.'

આદરયોગ્ય, સન્માનીય, માનવંત, માનયોગ્ય, પ્રતિષ્ઠિત પાત્ર આપણી જાતોને ઈશ્વરનાં હાથોમાં સમર્પિત કરવાથી બનીએ છીએ. આપણે સર્વ ઈશ્વરના હાથમાં એક પાત્ર સમાન છીએ. યશાયા ૬૪:૮ 'હે યહોવા, હવે તું અમારો પિતા છે, અમે માટીને તું અમારો કુંભાર, અમે સર્વ તારા હાથની કૃતિ છીએ. જેમ આપણે સ્વચ્છ, શુદ્ધ પાત્ર પસંદ કરીએ છીએ. તેમજ ઈશ્વર પણ આપણા જીવનરૂપી શુદ્ધ અને પવિત્ર પાત્ર પસંદ કરે છે.' રોમનોને પત્ર ૧૨:૧-૨ તેથી ભાઈઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે દેવની દયાની ખાતર તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું અર્પણ કરો, એ તમારી બુદ્ધિપૂર્વકની સેવા છે. આ જગતનું રૂપ તમે ન ધરો, પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો.

આપણા જીવનમાં અશુદ્ધતા, પાપ જેવી બાબતો ઈશ્વરને ગમતી નથી તેનાથી આપણી જાતોને અળગી રાખીએ, દૂર રહીએ. યોહાન ૧૫:૩-૪, જે વચનો મેં તમને કહ્યા છે તે વડે તમે હવે શુદ્ધ થઈ ગયા છો. તમે મારામાં રહો, ને હું તમારામાં રહીશ. જેમ ડાળી વેલામાં રહ્યા વિના પોતાની મેળે ફળ આપી શકતી નથી તેમ તમે પણ મારામાં રહ્યા વિના ફળ આપી શકતા નથી. ડી.એલ. મૂડીએ એકવાર કહ્યું હતું કે 'ઈશ્વર સોનાના પાત્રોની શોધ કરતા નથી અને ચાંદીના પાત્રો માંગતા નથી પણ તે શુદ્ધ પાત્રોની માંગ કરે છે અને તેની શોધ કરે છે,' ઈશ્વર એવા હૃદયની અપેક્ષા રાખે છે જે શુદ્ધ, આજ્ઞાકારી અને સેવા કરવા માટે હંમેશા તત્પર હોય, જ્યારે આપણે આપણી જાતોને શુદ્ધ કરીએ છીએ ત્યારે આપણે સ્વામીને ઉપયોગી તથા સર્વ સારા કામને માટે તૈયાર કરેલું પાત્ર બની શકીએ છીએ. પાત્ર સોનું, ચાંદી, લાકડું કે અન્ય કોઈ સામગ્રીનું બનેલું હોઈ શકે છે. જો કે માત્ર શુદ્ધ પાત્ર જ ઉપયોગ માટે લઈ શકાય છે, પણ જો તે શુદ્ધ નથી તો પ્રથમ તેને શુદ્ધ કરવું પડે છે. તેવી જ રીતે ઈશ્વર ઈચ્છે છે કે, આપણે શુદ્ધ થઈએ. જેથી આપણે આદરયોગ્ય પાત્ર બની શકીઓ યોહાન ૧:૭,૯, પણ જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ, તો આપણને એકબીજાની સાથે સંગત છે, અને તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળા પાપથી શુદ્ધ કરે છે, જો આપણે આપણા પાપ કબૂલ કરીએ, તો આપણા પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે.

યર્મિયા ૧૮:૧-૪, યહોવાનું જે વચન યર્મિયાની પાસે આવ્યું તે એ છે કે, તું ઊઠીને કુંભારને ઘેર જા, ને ત્યાં હું મારા વચનો તને કહી સંભળાવીશ. ત્યારે હું કુંભારને ઘેર ગયો અને જુઓ, તે ચાક પર કામ કરતો હતો. માટીનું જે વાસણ તે ઘડતો હતો. તે તેના હાથમાં બગડી ગયું, પછી પોતાને સારું લાગ્યું તેવા ઘાટનું તેણે એક બીજું વાસણ ઉતાર્યું. આપણે કેવી રીતે આદરણીય, સન્માનીય યોગ્ય પાત્ર બની જીવન જીવી શકીએ અને સ્વામીને ઉપયોગી પાત્ર બની શકીએ. આદરયોગ્ય પાત્ર બનવા માટે પાપથી અને અશુદ્ધ બાબતોથી દૂર રહેવાનું છે કેમ કે ઈશ્વર પવિત્ર છે. લેવીય ૧૧:૪૪ 'કેમ કે હું યહોવા તમારો દેવ છું, એ માટે તમે પોતાને શુદ્ધ કરો ને તમે પવિત્ર થાઓ, કેમ કે હું પવિત્ર છું. ઈશ્વર જે આપણા સ્વામી છે તે તેમના હેતુઓ પૂરા કરવા માટે સ્વચ્છ અને શુદ્ધ પાત્રોની અપેક્ષા રાખે છે.'

જ્યારે આપણે આપણા હૃદયોનું અર્પણ ઈશ્વરને કરીએ છીએ અને આપણને શુદ્ધ કરવા અને પવિત્ર કરવાની પરવાનગી તેમને આપીએ છીએ. ત્યારે તે આપણને તેમના મહિમા અને હેતુ માટે એક પાત્ર તરીકે ઉપયોગી બનાવે છે, 'પ્રભુ તુજ ઈચ્છા પ્રમાણે કર, હું છું મટોડી, તું છે કુંભાર, તુજને ગમતું રૂપ ઘડજે મારું, ઉપયોગી પાત્ર કરજે તારું.' આવો આપણે સ્વામીને સારું ઉપયોગી અને આદરયોગ્ય પાત્ર બનવા આપણી જાતોને તૈયાર કરીએ. આમેન.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : ઓક્ટોબર

- તા. ૧-૧૦-૨૫, શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે મિટીંગમાં મળ્યા.
- તા. ૨-૧૦-૨૫, અમદાવાદ પાળક મંડળ દ્વારા મેથોડિસ્ટ ચર્ચ, મણીનગરમાં વી.બી.એસ. અને સન્ડેસ્કૂલના શિક્ષકો માટે સેમિનાર રાખવામાં આવ્યો હતો. આપણી મંડળીમાંથી શિક્ષકોએ ભાગ લીધો હતો. રેવ. ડૉ. રાજાદુરાઈ પ્રભુ દ્વારા અસરકારક શિક્ષણ આપવામાં આવ્યું હતું.
- તા. ૫-૧૦-૨૫, વિશ્વ પ્રભુભોજન દિન તરીકે ઉજવણી કરવામાં આવી હતી.
- તા. ૧૬ થી ૧૮-૧૦-૨૫, એમ.વાય.એફ. વીક તરીકે ઉજવણી કરવામાં આવી હતી.
- તા. ૧૯-૧૦-૨૫, એમ.વાય.એફ. સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો. કુ. એનેશા હેરીએ લીડીંગ કર્યું અને શ્રી ઈમાનુએલભાઈ ક્રિશ્ચિયને ભજનસેવામાં અને હાફ ડે રીટ્રીટમાં પ્રભુના વચનોનું સુંદર મનન કરાવ્યું હતું. વી.બી.એસ.ના હોદ્દેદારો, શિક્ષક ભાઈ-બહેનો અને સ્વયં સેવકોની અર્પણવિધિ કરવામાં આવી હતી.
- તા. ૨૦ થી ૨૬-૧૦-૨૫, મંડળીમાં વી.બી.એસ.નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.
- તા. ૨૬-૧૦-૨૫, વી.બી.એસ. સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો. વી.બી.એસ. ડાયરેક્ટર શ્રીમતી અલ્પાબેન આર. પરમારે લીડીંગ કર્યું, ચેપલ વક્તા શ્રી કમલેશભાઈ ક્રિશ્ચિયને સુંદર મનન કરાવ્યું હતું. બાળકો દ્વારા સુંદર કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.
- તા. ૩૦,૩૧-૧૦-૨૫ થી ૧-૧૧-૨૫ , લે-પ્રવૃત્તિ સમિતિ દ્વારા રાત્રીની મીટીંગો કરવામાં આવી હતી. જે આશીર્વાદિત રહી હતી.
- તા. ૩૧-૧૦-૨૫, ડિસ્ટ્રીક્ટ સન્ડે સ્કૂલ બોર્ડ દ્વારા બાળકોનો કેમ્પ, આલ્ફા સેન્ટર, આણંદમાં રાખવામાં આવ્યો હતો. જેમાં મંડળીમાંથી ૧૧ બાળકો, ૫ શિક્ષકો, ૨ વોલેન્ટીયર્સ અને પાળક કુટુંબે ભાગ લીધો હતો.

## નાણાંકીય અહેવાલ સપ્ટેમ્બર - ૨૦૨૫

| | | |
|---|---|---|
| તા.૧-૯-૨૫ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૩૧૯૬૯-૦૦ |
| | બેંક | ૬૪૬૧૭૩-૫૯ |
| તા.૩૦-૯-૨૫ સુધીની | આવક | ૧૦૫૫૦૦-૦૦ |
| | કુલ | ૭૮૩૬૪૨-૫૯ |
| તા.૩૦-૯-૨૫ની બંધ સિલક | | |
| | રોકડ | ૨૩૮૯૧-૦૦ |
| | બેંક | ૬૮૮૭૪૪-૫૯ |
| તા.૩૦-૯-૨૫ સુધીનો | ખર્ચ | ૭૧૦૦૭-૦૦ |
| | કુલ | ૭૮૩૬૪૨-૫૯ |

માનદ્ શ્રી નિલેષ એસ. ક્રિશ્ચિયન, ટ્રેઝરર

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ઈન્દુબેન વિશ્રામ | ૫૦૦ | એશલીન નિલય ચૌહાણ | ૧૦૦૦ |
| અશ્વિનભાઈ બી. પરીખ | ૫૦૦ | એરિક નિલય ચૌહાણ | ૧૦૦૦ |
| નિલેશભાઈ બી. પરીખ | ૫૦૦ | રીયાન શરદભાઈ માસ્ટર | ૫૦૦ |
| સુશીલાબેન એસ. ક્રિસ્ટી | ૫૦૦ | પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| સ્વ. સતિષભાઈની યાદમાં | | શ્રેયાબેન અમીન | ૨૦૦૦ |
| ઉષાબેન એમ. રાઠોડ | ૨૦૦ | પ્રતિમાબેન એ. માસ્ટર | ૫૦૦ |
| જીમી સેમ્યુલ ડેવિડ | ૫૦૦ | કલ્પનાબેન વી. ક્રિસ્ટી | ૧૦૦૦ |
| આર્નોન ટી. ક્રિશ્ચિયન | ૫૦૦ | રોઝમેરીબેન આર. રાઠોડ | ૫૦૦ |
| વિક્ટરભાઈ વી. મેકવાન | ૫૦૦ | સ્મિતલત્તાબેન આર. ક્રિશ્ચિયન | |
| ડેનીભાઈ એ. હેરી | ૫૦૦ | | ૧૦૦૦ |
| ઓનિલ પેટ્રીક | ૨૦૦ | એલેક્ષ નોએલ ક્રિસ્ટી | ૭૦૦ |
| વિનોદભાઈ એફ. રાઠોડ | ૫૦૦ | માર્ટીનાબેન ટી. વાઘેલા | ૫૦૦ |
| વિહાન વિનોદભઆઈ રાઠોડ | ૨૦૦ | આઈરીનબેન આર. મોદી | ૫૦૦ |
| રશ્મિકાંત પી. મહિડા | ૧૦૦૦ | | |

## ચર્ચમાં મળેલ ભેટ

- સ્વ. મનોજકુમાર સી. ચૌહાણની પ્રેમભરી યાદમાં શ્રીમતી ડાયનાબેન એમ. ચૌહાણ અને કુટુંબ તરફથી ઈલેક્ટ્રીક કી-બોર્ડની ભેટ મળી.
- ટ્વીંકલ વેલ્સભાઈ ક્રિસ્ટી અને કુટુંબ તરફથી ચાર પંખા અને ૧૮ ખુરશીની ભેટ મળી. બંને કુટુંબોનો આભાર માનવામાં આવે છે. ઈશ્વરપિતા આપને આશીર્વાદ આપો.

## BIRTHDATE IN NOVEMBER

| | | | |
|---|---|---|---|
| ૩/૧૧ | ખ્રિસ્તી સુનિલ એસ. | ૧૭/૧૧ | વેલ્સ એન. ક્રિસ્ટી |
| ૫/૧૧ | સ્વીટી એચ. ઠાકોર | ૧૭/૧૧ | કોલીન એસ. ડેવિડ |
| ૫/૧૧ | શાલીન એસ. ગામડીઆ | ૧૭/૧૧ | ડીન એચ. કુંજરાવીયા (U.S.A.) |
| ૬/૧૧ | લીનાબહેન એસ. માસ્ટર | ૧૯/૧૧ | નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન |
| ૬/૧૧ | જોસ્ફીનબહેન કે. વાઘેલા | ૧૯/૧૧ | મોનીકા એ. પેટ્રિક |
| ૮/૧૧ | શેલ્ડન વી. ક્રિસ્ટી | ૨૦/૧૧ | પ્રશાંત એસ. ક્રિશ્ચિયન |
| ૮/૧૧ | વાયોલેટ એન. ક્રિશ્ચિયન | ૨૧/૧૧ | મણીબહેન વી. ગોહિલ |
| ૯/૧૧ | પ્રશાંત કે. ક્રિશ્ચિયન | ૨૨/૧૧ | રવિ એચ. ઠાકોર |
| ૧૧/૧૧ | રેજીના કોલિન ડેવિડ | ૨૫/૧૧ | મેઘા અરોરા મેકવાન (U.K.) |
| ૧૧/૧૧ | ખુશી કે. મહિડા (U.S.A.) | ૨૭/૧૧ | સુસ્મિતા એન. પરીખ |
| ૧૨/૧૧ | કિશોરકુમાર બી. વાઘેલા | ૨૮/૧૧ | માગ્રેટબહેન ક્રિશ્ચિયન |
| ૧૨/૧૧ | સુશીલાબહેન એસ. ક્રિસ્ટી | ૩૦/૧૧ | જેનેસીસ જે. દાસ |
| ૧૩/૧૧ | વિલ્સન એ. પરીખ | | |

# વી.બી.એસ. ૨૦૨૫નો અહેવાલ

**મુદ્રાલેખ : 'આદરયોગ્ય પાત્ર' ૨ તિમોથી ૨:૨૧**

માનનીય વી.બી.એસ. સુપ્રિટેન્ડેન્ટ રેવ. રાજુ પરમાર સાહેબ, ખૂબ જ વહાલા બાળકો, શિક્ષકો તથા મંડળીના તમામ માનવંતા સભાજનો પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ. તા. ૨૦-૧૦-૨૫ને સોમવારથી ૨૫-૧૦-૨૫ને શનિવાર સુધી દિવાળીની રજાઓમાં મેથોડિસ્ટ ચર્ચ શાહપુર એટલે કે આપણી મંડળીમાં વી.બી.એસ.નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૬-૧૦-૨૫ના રવિવારે 'વી.બી.એસ. સન્ડે' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. પાસ્ટોરેટ કમિટીમાં સ્થાનિક પાળક પત્ની શ્રીમતી અલ્પાબેન આર. પરમારને વી.બી.એસ.ના ડાયરેક્ટર તરીકે પસંદ કરી તેમની અને હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી. સુપ્રિટેન્ડેન્ટ-રેવ. રાજુ એન. પરમાર, ડાયરેક્ટર-શ્રીમતી અલ્પાબેન આર. પરમાર, આસી. ડાયરેક્ટર-શ્રીમતી અરૂણાબેન એસ. ગામડીયા, સેક્રેટરી-શ્રીમતી ફ્રેનીબેન એ. ક્રિશ્ચિયન, ટ્રેઝરર-શ્રી શરદભાઈ જે. માસ્ટર, ચેપલ વક્તા-શ્રી કમલેશભાઈ ક્રિશ્ચિયન. તા. ૧૯-૧૦-૨૫ને રવિવારના રોજ ભક્તિસભામાં વી.બી.એસ.ના હોદ્દેદારો, શિક્ષકો તથા સ્વયંસેવકોની અર્પણવિધિ કરવામાં આવી હતી. બાળવિભાગ-અરૂણાબેન ગામડીયા / જ્યોતિબેન વાઘેલા, પ્રાથમિક વિભાગ-સ્મિતલતાબેન ક્રિશ્ચિયન / વેલેન્ટીનાબેન ગોહેલ, જુનિયર વિભાગ - અર્પિતાબેન હેરી / ટ્વીંકલબેન ક્રિસ્ટી, મધ્યમ વિભાગ-મંદાકીનીબેન પેલમોર / મોનીકાબેન પેટ્રીક, સિનિયર વિભાગ-એન્થનીભાઈ ઈમાનુએલ / નિમિષાબેન ક્રિશ્ચિયન, એડલ્ટ વિભાગ - રેવ. રાજુ પરમાર / સારાહબેન ટેલર. વોલેન્ટીયર્સ-કેનેથભાઈ ટેલર / શ્વેતલબેન ગામડીયા. તા. ૨૦-૧૦-૨૫ને સોમવારના રોજ મંડળીના લે-લીડર શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલના બાળકોના હસ્તે વી.બી.એસ.નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. એન્થનીભાઈ તરફથી વી.બી.એસ.ના ઉદ્ઘાટન તરીકે અંકે રૂપિયા ૫૦૦૦/- પાંચ હજાર દાન આપવામાં આવ્યું હતું. તેઓશ્રીનો દાન માટે આભાર માનવામાં આવે છે.

અઠવાડિયા દરમિયાન કુલ ૬ વર્ગોમાં ૧૨ શિક્ષકોએ સેવા આપી હતી. ૩૦ જેટલા બાળકોએ બાળ વિભાગની સિનિયર વિભાગ સુધી અને પ્રભુ કૃપાએ ૧૦ જેટલા મોટેરાઓએ એડલ્ટ વિભાગમાં ભાગ લીધો હતો. વી.બી.એસ.માં ચેપલના વક્તા તરીકે મેથોડિસ્ટ ચર્ચ રાયખડના સેક્રેટરી, ડિસ્ટ્રીક્ટના લે-લીડર અને લે એક્ટીવિટ બોર્ડના સેક્રેટરી શ્રી કમલેશભાઈ ક્રિશ્ચિનને પસંદ કરવામાં આવ્યા હતા. તેઓએ ચેપલમાં ગીતો, વાર્તાઓ, અભિનય, નૃત્ય અને પ્રોજેક્ટર પર ચિત્રો દ્વારા મુદ્રાલેખ આધારિત બાઈબલમાંથી પ્રભુના વચનોનું શિક્ષણ બોધપાઠ દ્વારા આપ્યું હતું. કમલેશભાઈના ધર્મપત્ની શ્રીમતી અર્પિતાબેન ક્રિશ્ચિયન પણ સપ્તાહ દરમ્યાન ચેપલની સેવામાં ખડેપગે કમલેશભાઈ સાથે હાજર રહ્યા હતા. અર્પિતાબેને રોજેરોજના સોનેરી વાક્યો મુખપાઠ કરાવવામાં બાળકોને ઉત્તેજન આપ્યું હતું. વી.બી.એસ. સન્ડેની ઉજવણીની ભક્તિસભામાં કમલેશભાઈને વચનની સેવા સોંપવામાં આવી જે તેમણે સહર્ષ સ્વીકારી હતી. વર્ષોથી પ્રભુની સેવા સાથે સંકળાયેલા હોવાથી તેઓ સ્વભાવે ખૂબ જ નમ્ર અને પ્રેમાળ છે. વક્તાશ્રી અને બહેનનો આભાર.

વી.બી.એસ. સુપ્રિટેન્ડેન્ટ રેવ. રાજુ પરમાર સાહેબે દોરવણી, માર્ગદર્શન, યોગ્ય સલાહ અને જ્યાં કંઈ પણ મૂંઝવણ જણાય ત્યાં સાથે હાજર રહીને મદદ પૂરી પાડી હતી. તેઓ સતત દરેક કાર્યમાં સાથે રહ્યા હતાં અને તેજ પ્રમાણે વી.બી.એસ.ના ડાયરેક્ટર શ્રીમતી અલ્પાબેન આર. પરમારે બાળકો અને શિક્ષકો મધ્યે માયાળુ વર્તન દાખવતા શિસ્તમય અને નમ્રતાભર્યું સેવાકાર્ય કર્યું હતું. પાળકસાહેબ અને ડાયરેક્ટરશ્રીનો આભાર માનવામાં આવે છે. શ્રીમતી મહિમા એ. પેટ્રિક તથા વહાલી દીકરીઓ એન્જેલીના પરમાર અને આર્લીન પરમારે વી.બી.એસ.ના ગીતો અભિનય સાથે શીખવાડ્યા હતાં. રવિવારે રજૂ થનાર કાર્યક્રમની તૈયારી મહિમા પેટ્રિકે જે તે વર્ગોના શિક્ષક મિત્રોની સાથે રહીને કરાવી હતી. મહિમાબેન અને બંને દીકરીઓનો આભાર માનીએ છીએ. છ દિવસ અલગ-અલગ 'ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. વેલકેમ ડે, ફ્રેન્ડશીપ ડે, રેડ એન્ડ ગ્રીન ડે, બ્લેક એન્ડ વ્હાઈટ ડે, ટ્રેડિશનલ ડે, ચોકલેટ્સ ડે, શ્રમ ડે વગેરે. બાળ વિભાગથી એડલ્ટ વિભાગના શિક્ષક મિત્રોએ અનુક્રમે દરેક 'ડે' વિશે તેનું મહત્ત્વ સમજાવી જરૂરી માહિતી પૂરી પાડી હતી. શ્રમ દિવસનું દાન અંકે રૂપિયા ૬૬૦૦/- મળ્યું હતું. શ્રમદાનમાંથી મેળવેલ નાંણાનો યોગ્ય ઉપયોગ નાતાલ પર્વ સમયે ગામડાઓની મુલાકાતમાં જરૂરિયાતમંદ બાળકોને મીઠાઈ, ચોકલેટ્સ અને કેક વગેરે આપીને કરવામાં આવશે.

તા. ૨૨-૧૦-૨૫ને બુધવારના રોજ પ્રથમ પાઠના સમયે બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયા - ગુજરાત ઓક્ઝિલિયરીનો સ્ટાફ વી.બી.એસ.ની મુલાકાતે આવ્યા હતા. રેવ. અને સેક્રેટરી અમીન સાહેબ, પીંકીબેન, શિલિનબેન, ગાબ્રિયેલભાઈએ બધા જ વર્ગોની મુલાકાત લીધી હતી. બાળકોએ મેળવેલ શિક્ષણના અનુસંધાનમાં મુલાકાતીઓએ બાળકોને પ્રશ્નો પૂછી ઉત્તેજન આપ્યું હતું. બાઈબલ સોસાયટી તરફથી બાળકોને મેરી જોન્સ અને તેનું બાઈબલ અને ડિસ્કવર ધ ગુડ ન્યૂઝ એમ બે પુસ્તકો ભેટમાં આપવામાં આવ્યા હતાં.

તા. ૨૩-૧૦-૨૫ને ગુરુવારના રોજ સવારે ૮:૪૫ વાગ્યે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની કમિટી વી.બી.એસ.ની મુલાકાતે આવી હતી. વેસ્ટના ડિસુ. જશવંત મેકવાન સાહેબ નાતંદુરસ્ત હોવાથી આવી શક્યા નહોતાં. નોર્થના ડિ.સુ. રેવ. સ્મિતા રોઝિયા સાહેબ, સુરેશ મેકવાન સાહેબ, એડવર્ડ પટેલ સાહેબ વી.બી.એસ. પ્રમોટર શૈલેષ પરમાર સાહેબે બાળકો મધ્યે ઉત્તેજન દાયક વચનો સમા બે બોલ કહ્યા હતાં.

તા. ૨૪-૧૦-૨૫ને શુક્રવારના રોજ ચેપલ પૂર્ણ થતાં કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ માસ્ટર અને આર.ઈ.બી.ના મેમ્બર તેમજ એમ.સી.આઈ. અને કોન્ફરન્સમાં જેમની સેવાઓ છે તેઓ શ્રી વિલ્યમભાઈ ક્રિશ્ચિયને વી.બી.એસ.ની મુલાકાત લીધી હતી. બાળકોને ઉત્તેજન આપવામાં આવ્યું હતું.

વી.બી.એસ.ની મુલાકાતે આવેલા આગેવાનોને વી.બી.એસ. તરફથી પ્રેમભેટ આપવામાં આવી હતી.

તા. ૨૪-૧૦-૨૫ને શુક્રવારના રોજ ‘ટ્રેડિશનલ ડે’ની ઉજવણી કરવામાં આવી. કોમન સંગત પછી બાળકો મધ્યે દીકરી આર્લિન પરમાર અને દીકરા એશરોન પેટ્રિકને ‘બેસ્ટ કોસ્ચ્યુમ’ બદલ પ્રથમ નંબર આપી પસંદ કરવામાં આવ્યાં. સ્થાનિક મંડળીના સેક્રેટરી શ્રી સુનિલભાઈ કે. મેકવાન તરફથી પ્રથમ નંબર મેળવેલ બંને બાળકોને પ્રેમભેટ આપવામાં આવી. પ્રોત્સાહન બદલ સુનિલભાઈનો આભાર. ઉજવણીના ભાગરૂપે ગરબા કરવામાં આવ્યાં હતા.

શનિવારે સવારે ૧૦:૦૦ વાગ્યે પ્રભુમંદિરમાં મળ્યા હતાં. ચેપલના વક્તાશ્રીએ ચેપલ દ્વારા શીખવાડેલું પ્રભુનું વચન ફરી તાજું કર્યું હતું. શ્રી એન્થનીભાઈ ઈમાનુએલે બાળકો મધ્યે ‘એ’ અને ‘બી’ ટીમ પાડીને બાઈબલ આધારિત ‘ડમ શેરાડ્સ’ની રમત રમાડી હતી. બાળકોએ ગણતરીની સેકન્ડોમાં જ અભિનયના આધારે બાઈબલનાં પાત્રોને ઓળખી કાઢ્યા હતાં. પાળક સાહેબે વી.બી.એસ.ના બધા જ વર્ગોમાં પાંચે પાંચ દિવસની મુખપાઠ કલમ, બાઈબલના ૬૬ પુસ્તકોનાં નામ અને પ્રભુ ઈસુએ નવા કરારમાં આપેલી બે સૌથી મોટી આજ્ઞા બોલવા બાળકોને આહવાન આપ્યું હતું. જે બાળકો આ બધું જ બોલી શક્યા તેમને પાળક સાહેબ તરફથી ચોકલેટ આપવામાં આવી હતી. પાળક સાહેબ આપનો આભાર. ‘ચોકલેટ ડે’ની ઉજવણીના ભાગરૂપે વક્તાશ્રી કમલેશભાઈ તરફથી હાજર રહેલાં સૌ કોઈને ચોકલેટ આપવામાં આવી. કમલેશભાઈ આપનો આભાર. બાળકો માટે છાપીને આપેલા ચિત્રોમાં સુંદર રંગ પૂરવાની હરિફાઈનું આયોજન શ્રી એન્થનીભાઈ ઈમાનુએલ તરફથી કરવામાં આવ્યું. વર્ગોની કેટેગરી મુજબ તેઓ છાપેલાં ચિત્રો લાવ્યા હતાં. માત્ર બાળકો જ નહિં પણ શિક્ષકો અને હોદ્દેદારોએ પણ રંગપૂરણી હરિફાઈમાં ભાગ લીધો હતો. હરિફાઈનું આયોજન કરવા બદલ અને જરૂરી ચિત્રો પૂરા પાડવા બદલ એન્થનીભાઈ ઈમાનુએલનો આભાર. હરિફાઈના અંતે પ્રથમ નંબર અને બીજો નંબર એમ બે નંબર પસંદ કરવામાં આવ્યાં. કેનેથભાઈ ટેલરે નિર્ણાયક તરીકેની જવાબદારી સ્વીકારી માટે તેમનો આભાર. શનિવારે બપોરનું ભોજન શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન તરફથી આપવામાં આવ્યું. સુંદર ભોજન પૂરું પાડવા બદલ રાજેશભાઈ આપનો ખૂબ-ખૂબ આભાર. ભોજન બાદ ફરી સંગત મળી. બાળકો શ્રમનું મહત્ત્વ સમજ્યા. તેઓએ ઘરે શ્રમ કર્યો, કરેલી મહેનતના ભાગરૂપે તેઓ ‘શ્રમદાન’ લાવ્યા. બાળકોએ કરેલી મહેનત માટે તેઓને માથે મુગટ પહેરાવીને ચોકલેટ આપીને બીરદાવવામાં આવ્યાં. વર્ગદીઠ શિક્ષકોએ બાળકો સાથે ફોટા પડાવ્યાં. પ્રોજેક્ટર પર ફોટો અને વિડિયો બતાવી શ્રમવતાં બાળકોને મોટો આનંદ થયો. રવિવારે રજૂ થનાર કાર્યક્રમનું બાળકોએ રિહર્સલ કર્યું. રિહર્સલ બાદ રંગપૂરણી હરિફાઈમાં ભાગ લેનાર બાળકો, શિક્ષકો અને હોદ્દેદારોને પ્રથમ નંબર, બીજો નંબર અને સામાન્ય એમ ઈનામો આપવામાં આવ્યાં. ત્યારબાદ વી.બી.એસ.ના બાળકો, શિક્ષકો, હોદ્દેદારો, સ્વયંસેવકો તથા ચર્ચ પગીને ઈનામો આપવામાં આવ્યાં. ઈનામ વિતરણ બાદ કુ. વેલેન્ટીના વી. દાસ તરફથી બધાને માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી. વેલેન્ટીનાબેનનો આભાર.

શનિવારે મોડા સુધી રોકાઈને બાળકો, શિક્ષકો તથા જુવાનોએ ચર્ચને ડેકોરેશન કર્યું હતું. ચર્ચને શણગારવા માટેનો જરૂરી શણગાર જુવાનો સ્વખર્ચે લાવ્યા હતાં. શણગાર લાવવા બદલ અને ચર્ચને શણગારવા બદલ રોકાયેલા સૌનો આભાર માનવામાં આવે છે. શનિવારની મોડી સાંજ સુધી કામમાં રોકાયેલા સૌ કોઈ માટે શ્રી આર્થરભાઈ એ. પેટ્રીક તથા કુટુંબ તરફથી ભોજન આપવામાં આવ્યું હતું. આર્થરભાઈ આપનો ખૂબ-ખૂબ આભાર. મંડળીના સ્વ. ઓનિલભાઈ એ. ગામડિયાની પ્રેમભરી યાદમાં તેમના પત્ની શ્રીમતી પારૂલબેન ગામડિયા તથા કુટુંબ તરફથી રવિવારે રજૂ થનાર ‘કાર્યક્રમ’ માટે ‘સ્ટેજ’ની વ્યવસ્થા કરવામાં આવી હતી. પારૂલબેન અને કુટુંબનો આભાર માનવામાં આવે છે.

તા. ૨૬-૧૦-૨૫ને રવિવારની ભક્તિસભામાં બાળકો વી.બી.એસ.ની ઉજવણીના ભાગરૂપે સુંદર કાર્યક્રમ રજૂ કર્યા. ભક્તિસભા બાદ એશરોન એ. પેટ્રિક તરફથી ચોકલેટ્સ આપવામાં આવી અને પ્રભુમંદિરમાં હાજર રહેલા બધા જ માટે મંડળીના શ્રી આલાપભાઈ જે. માસ્ટર તરફથી પ્રીતિભોજન આપવામાં આવ્યું. ચોકલેટ્સ માટે મહિમાબેનનો અને સુંદર ભોજન માટે આલાપભાઈનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. પ્રીમાબેને વી.બી.એસ. ઉજવણીની ભક્તિસભા પછી તેઓના હાથે બનાવેલા સુંદર કાર્ડ્સ આપી વી.બી.એસ. કમિટી, શિક્ષકો, હોદ્દેદારોને ઉત્તેજન આપ્યું હતું. તેમનો આભાર.

સપ્તાહ દરમિયાન મંડળીના જુવાનો ઓલ્વિચભાઈ, એમ્બ્રોઝભાઈ, શાલીનભાઈ, સેરીલભાઈ અને પ્રીમાબેને તેમના સાનુકૂળ સમયમાં વી.બી.એસ.ના કામમાં એક યા બીજા પ્રકારે મદદરૂપ થઈને તેઓની બાળકો માટેની લાગણીનો અનુભવ કરાવ્યો હતો. ઓલ્વિચભાઈ ગામડિયા રોજેરોજના વર્ગદીઠ ફોટા પાડીને ગ્રુપ એડમીનને મોકલતા હતાં. આપની લાગણી અને બાળકો મધ્યેની આપની ઉમદા સેવા માટે આપનો આભાર માનવામાં આવે છે. કુમારી રીનીષા પી. ક્રિશ્ચિયને આખું અઠવાડિયું પ્રોજેક્ટરની સેવા આપી હતી. શ્રી એન્થનીભાઈ ઈમાનુએલે મંડળીના વોટ્સએપ ગ્રુપમાં વી.બી.એસ.ના દરેક દિવસના ફોટા અપડેટ કર્યા હતા. જીવન સાહિત્ય ભંડારમાંથી વી.બી.એસ.ના સાહિત્યનું આદાન-પ્રદાનની સેવાનું કાર્ય શ્રી ડેનીભાઈ હેરીએ સંભાળ્યું હતું. શ્રી કેનેથભાઈ ટેલરે વી.બી.એસ.ના સુંદર ચાર્ટ્સ તૈયાર કર્યા હતાં અને તેઓ ચાર્ટ્સના સ્પોન્સર પણ બન્યા હતાં. શ્રીમતી શ્વેતલ ગામડિયાએ સેવાને પૂરતો સમય આપતા વર્ગોની જરૂરિયાતો પૂરી પાડી હતી. ચર્ચના પગી શ્રી સુલેમાનભાઈ પણ પડ્યો બોલ ઝીલતાં દરેક કામમાં ખડેપગે હાજર રહ્યા હતાં. આપ સૌની ઉત્તમ સેવાઓ માટે આપનો આભાર માનવામાં આવે છે.

મંડળીના શ્રી રોહિતભાઈ ફ્રાન્સીસ અને કુટુંબ તરફથી વી.બી.એસ.ના ચોથા દિવસે ચોકલેટ્સ અને પાંચમાં દિવસે મીઠાઈ આપી સૌનું મોં મીઠું કરાવવામાં આવ્યું. આપનો આભાર માનવામાં આવે છે. અઠવાડિયા દરમિયાન વી.બી.એસ.માં બાળકો તરફથી અંકે રૂપિયા ૮૪૩૦/- દાન મળ્યું હતું. શિક્ષકો અને અન્ય તરફથી અંકે રૂપિયા ૫૨૯૧/- દાન મળ્યું હતું. ઉદારતાથી દાન આપનાર આપ સૌનો આભાર માનવામાં આવે છે. આ સિવાય વી.બી.એસ. માટે દાન આપનારની યાદી નવેમ્બર-૨૦૨૫ના સમાચાર પત્રકમાં આપવામાં આવશે.

બાળકોના ઈનામ માટે મંડળીના અમેરિકામાં વસવાટ કરતાં શ્રી સુનિલભાઈ એસ. સોલંકી તરફથી અને શ્રી હર્ષદરાય એ. કુંજરાવીયા તરફથી અંકે રૂપિયા ૧૭૦૦૦/- સત્તર હજાર, શ્રીમતી શીલાબેન એમ. પટેલ તરફથી અંકે રૂપિયા ૫૦૦૦/- પાંચ હજાર અને શ્રી તનયભાઈ એસ. વાઘેલા તરફથી અંકે રૂપિયા ૧૦૦૦૦/- દસ હજાર દાન મળ્યું હતું. આપ સૌનો હૃદયના અંતઃકરણથી આભાર માનવામાં આવે છે. આર.સી. મિશનના અને મંડળીના સૌ પ્રથમ વખત વી.બી.એસ.માં આવેલા માર્ગેટબેન રેયાન ભાટિયા તરફથી તેઓની પસંદગીના ઈનામો લાવીને આપવામાં આવ્યા હતાં. માર્ગેટબેન આપનો આભાર.

## વી.બી.એસ.માં ચ્હા, નાસ્તો, જમણ અને આઈસક્રીમ અને ચોકલેટ્સ આપનારની યાદી

| તા. | વાર | આઈટમ | સ્પોન્સર |
|---|---|---|---|
| ૨૦ થી ૨૫-૧૦-૨૫ | સોમ થી શનિ | ચ્હા | મંડળીના પ્રભુ પ્રેમી કુટુંબ તરફથી |
| ૨૦-૧૦-૨૫ | સોમ | નાસ્તો | શ્રી ફ્રાન્સીસભાઈ વી. ગોહેલ |
| ૨૧-૧૦-૨૫ | મંગળ | નાસ્તો - કોલ્ડ્રીંક્સ | શ્રી સામીભાઈ એ. ગામડિયા |
| ૨૨-૧૦-૨૫ | બુધ | નાસ્તો | શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન |
| ૨૩-૧૦-૨૫ | ગુરુ | નાસ્તો | મંડળીના પ્રભુ પ્રેમી કુટુંબ તરફથી |
| ૨૪-૧૦-૨૫ | શુક્ર | નાસ્તો - કોલ્ડ્રીંક્સ | શ્રી કલ્પનાબેન વી. ક્રિસ્ટી |
| ૨૫-૧૦-૨૫ | શનિ | જમણ | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન |
| ૨૫-૧૦-૨૫ | શનિ | આઈસ્ક્રીમ | કુ. વેલેન્ટીના વી. દાસ |
| | | | સાંજનું જમણ - શ્રી આર્થરભાઈ પેટ્રિક |
| ૨૬-૧૦-૨૫ | રવિ | જમણ | શ્રી આલાપભાઈ જે. માસ્ટર |
| ૨૬-૧૦-૨૫ | રવિ | ચોકલેટ્સ | શ્રીમતી મહિમા એ. પેટ્રિક |

ભક્તિમય, શાંતમય અને આનંદમય વાતાવરણમાં વી.બી.એસનું કાર્ય પૂર્ણ થયું. વર્ષ ૨૦૨૫ની વી.બી.એસ. સંપૂર્ણ રીતે સ્વપોષિત થઈ છે. આ કાર્યને સફળ બનાવવા માટે તમામ દાનવીરો, બાળકો, શિક્ષકો, હોદ્દેદારો, સ્વયંસેવકો, વાલીઓ, પગી સૌ કોઈની સાથે નામી-અનામી, પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદ કરનાર, પ્રાર્થના કરનાર સર્વનો આભાર માનવામાં આવે છે. અજાણતા શરતચૂક થઈ હોય તો માફ કરશો અને અમારું ધ્યાન દોરશો. છેલ્લે સઘળું માન અને મહિમા તો આપણા ઈશ્વરપિતાને હો. આમેન.

## વી.બી.એસ. ૨૦૨૫ - આવક-જાવકનો હિસાબ

**આવક**

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી સુધાબેન વી. મેકવાન | ૫૦૦ |
| ૨. | પ્રભુ પ્રેમી દાતા તરફથી | ૧૫૦૦ |
| ૩. | શ્રીમતી શીલાબેન એમ. પટેલ (ઈનામ પેટે) | ૫૦૦૦ |
| ૪. | શ્રીમતી ડોરોથીબેન દાસ | ૧૦૦૦ |
| ૫. | શ્રીમતી સ્મિતાબેન એસ. સોલંકી | ૫૦૦ |
| ૬. | રીયાન એસ. માસ્ટર | ૫૦૦ |
| ૭. | શ્રીમતી મોનિકા એ. પેટ્રિક | ૫૦૦ |
| ૮. | શ્રી રશ્મિકાંત પી. મહિડા | ૫૦૦ |
| ૯. | શ્રી તનયભાઈ એસ. વાઘેલા (ઈનામ પેટે) | ૧૦૦૦૦ |
| ૧૦. | શ્રી નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન | ૫૦૦ |
| ૧૧. | શ્રી વિક્ટરભાઈ વી. મેકવાન | ૫૦૦ |
| ૧૨. | શ્રી ડિક્સનભાઈ એ. હેરી | ૫૦૦ |
| ૧૩. | શ્રીમતી સુશિલાબેન એસ. ક્રિસ્ટી | ૨૫૦ |
| ૧૪. | શ્રી સુનિલભાઈ કે. મેકવાન | ૧૦૦૦ |
| ૧૫. | શ્રી પ્રકાશભાઈ એસ. ખ્રિસ્તી | ૨૦૦૦ |
| ૧૬. | ટ્વીંકલબેન વી. ક્રિસ્ટી | ૫૦૦ |
| ૧૭. | શ્રીમતી કમળાબેન કે. સોલંકી | ૫૦૦ |
| ૧૮. | શ્રીમતી ઉષાબેન એમ. રાઠોડ | ૫૦૦ |
| ૧૯. | શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલ (ઉદ્ઘાટન પ્રસંગે) | ૫૦૦૦ |
| ૨૦. | શ્રીમતી જ્યોતિ નિક્સન ક્રિશ્ચિયન | ૫૦૦ |
| ૨૧. | કુ. એનેટ એ. ક્રિશ્ચિયન | ૫૦૦ |
| ૨૨. | બેબી ઓનિકા આકાશ રાઠોડ | ૫૦૦ |
| ૨૩. | શ્રી હર્ષદરાય એ. કુંજરાવીયા (ઈનામ પેટે) શ્રી સુનિલભાઈ એસ. સોલંકી | ૧૭૦૦૦ |
| | **કુલ ટોટલ** | **૪૯૭૫૦** |

**જાવક**

| | | |
|---|---|---|
| ૧. | ગીતોની પ્રિન્ટ કોપી | ૨૫ |
| ૨. | ગુલાબના ફૂલ ૭૫૦ ગ્રામ | ૪૦૦ |
| ૩. | ગ્લાસ, બાઉલ, પ્લેટ્સ | ૧૦૦૨૯ |
| ૪. | બાઈબલ હાઉસ મુલાકાતી માટે પેન | ૧૨૦ |
| ૫. | સર્ટીની કલર કોપી | ૧૨૦ |
| ૬. | પ્રથમ, બીજા નંબર માટે ચિત્ર સ્પર્ધાના ઈનામ | ૨૨૧૧ |
| ૭. | ગોલ્ડન રીબન | ૧૩૦ |
| ૮. | દોરી, ફેવિક્વીક | ૩૦ |
| ૯. | બુકે, કલગી | ૮૦૦ |
| ૧૦. | બે દિવસ ઈનામ લેવા ગયા | ૮૦૦ |
| ૧૧. | ચા-નાસ્તો (ઈનામ લેવા ગયા ત્યારે) | ૪૦૦ |
| ૧૨. | ચોકલેટ્સ | ૧૪૦ |
| ૧૩. | ચિત્ર સ્પર્ધાના ઈનામ કોમન | ૧૬૦૦ |
| ૧૪. | ઈનામમાં ટુવાલ અને કમ્ફટર | ૨૩૪૦૦ |
| | | ૪૦૦ |
| ૧૫. | પગી સુલેમાનભાઈને આપ્યા | ૧૦૦૦ |
| ૧૬. | જીવન સાહિત્ય બુક્સ | ૩૪૧૦ |
| ૧૭. | વક્તા કમલેશભાઈને લવ ગિફ્ટ | ૫૦૦૦ |
| | **કુલ જાવક** | **૫૦૦૧૫** |

| | |
|---|---|
| ૪૯૭૫૦.૦૦ | વી.બી.એસ. માટે મળવેલ દાન |
| + ૧૩૭૨૧.૦૦ | બાળકો, શિક્ષકો પાસેથી મળેલ ચેપલ દાન |
| + ૬૬૦૦.૦૦ | બાળકો પાસેથી મળેલું શ્રમદાન |
| ૭૦૦૭૧.૦૦ | મેળવેલ દાનની કુલ આવક |
| – ૫૦૦૧૫.૦૦ | વી.બી.એસ. ખર્ચ (જાવક) |
| **૨૦૦૫૬.૦૦** | **વી.બી.એસ. બચત** |

વી.બી.એસ. સેક્રેટરી
**શ્રીમતી ફેનીબેન એ. ક્રિશ્ચિયન**

**મંડળીના સર્વ ભાઈઓ અને બહેનો દ્વારા**
**ઉદારતાથી દાનો આપવા બદલ અમો આપના આભારી છીએ.**
**ઈશ્વરપિતા આપ સર્વને પુષ્કળ આશીર્વાદ આપો.**

# લે પ્રવૃત્તિ સપ્તાહ ૨૦૨૫ - અહેવાલ

## બાઈબલમાંના અર્પણો - રોમનોને પત્ર ૧૨:૧-૨

માનનીય પાળક સાહેબ અને મંડળીના તમામ સભાજનોને પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત રિજીનલ કોન્ફરન્સની લે-પ્રવૃત્તિ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ વિષય આધારિત મિટીંગોનું આયોજન આપણી મંડળીમાં કરવામાં આવેલ તેની વિગતો નીચે જણાવેલ છે.

તા. ૩૦-૧૦-૨૫ ગુરુવારથી તા. ૧-૧૧-૨૫ શનિવાર રોજ રાત્રે ૮-૦૦ વાગે લે-પ્રવૃત્તિ સપ્તાહની મિટીંગો આપણા ચર્ચમાં મળી હતી. પ્રથમ મિટીંગની શરૂઆત સ્થાનિક પાળક રેવ. રાજુ પરમાર સાહેબે મિણબત્તી સળગાવી પ્રાર્થના સાથે કરી હતી. દરેક મિટીંગનું લીડીંગ સ્થાનિક લે-સમિતિના સભ્ય શ્રી લિનયસ પેલમોરે કર્યું હતું. મંડળીના ઘણા સભ્યોએ લે-પ્રવૃત્તિ સપ્તાહની મિટીંગોમાં હાજરી આપી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

તા. ૩૦-૧૦-૨૫ની મિટીંગમાં વચનની સેવા સ્થાનિક લે સમિતિના સભ્ય શ્રીમતી યાચના શેરીલ ક્રિશ્ચિયને આપી હતી. તેમણે રોમનોને પત્ર ૫:૧-૧૦ કલમ આધારિત પ્રભુનું વચન આપ્યું હતું. મિટીંગ બાદ શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન તથા કુટુંબ તરફથી હાજર દરેકને માટે આઈસક્રીમની વ્યવસ્થા કરવામાં આવી.

તા. ૩૧-૧૦-૨૫ની મિટીંગમાં સ્થાનિક લે-સમિતિના સભ્ય શ્રીમતી નિમીષાબેન પ્રશાંત ક્રિશ્ચિયને વચનની સેવા આપી હતી. તેઓ ઉત્પત્તિ ૧૪:૧૭-૨૪ કલમ આધારિત 'વિજયનું અર્પણ' વિષય ઉપર પ્રભુનું વચન લાવ્યા હતા. મિટીંગ બાદ શ્રી શૈલેષભાઈ માસ્ટર તથા કુટુંબ તરફથી હાજર દરેકને માટે ઠંડા પીણાની વ્યવસ્થા કરવામાં આવી.

તા. ૧-૧૧-૨૫ની મિટીંગમાં સ્થાનિક લે સમિતિના પ્રમુખ શ્રી એન્થની ઈમાનુએલ દ્વારા વચનની સેવા આપવામાં આવી હતી. તેઓ રોમનોને પત્ર ૧૨:૨ કલમ આધારિત 'ખ્રિસ્તી રૂપાંતર' વિષય ઉપર પ્રભુનું વચન લાવ્યા હતા. મિટીંગ બાદ શ્રીમતી કલ્પનાબેન ક્રિસ્ટી તથા કુટુંબ તરફથી હાજર દરેકને માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી. દરેક મિટીંગ હાજર રહેલ તમામને માટે ખૂબ જ આશીર્વાદિત બની રહી હતી. વચનની સેવા સ્વીકારવા બદલ સમિતિના સભ્યોનો ખાસ આભાર. ચર્ચના પગી શ્રી સુલેમાનભાઈ તથા કુટુંબની સેવા માટે તેમનો ખાસ આભાર માનવામાં આવે છે.

તા. ૨-૧૧-૨૫ રવિવારના રોજ સ્થાનિક લે-સમિતિ દ્વારા લે સન્ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિસભાની દરેક જવાબદારી સમિતિના સભ્યોએ ઉઠાવી હતી માટે દરેકનો ખૂબ જ આભાર માનવામાં આવે છે. ભજનસેવાનું સંચાલન સમિતિના સભ્ય કુમારી શાલીન ગામડિયાએ કર્યું હતું. વચનની સેવા રાયખડ મેથોડિસ્ટ ચર્ચના સભ્ય પી.એસ.આઈ. શ્રી બેન્જામીન ક્રિશ્ચિયન સાહેબે આપી હતી. તેમણે કુટુંબ સાથે હાજરી આપી હતી અને તેમનો તથા તેમના કુટુંબનો પુષ્પગુચ્છ આપી આવકાર કરવામાં આવ્યો હતો. તેમને મંડળી વતી પ્રેમભેટ પણ આપવામાં આવી હતી. ભક્તિસભા દરમ્યાન પાળક પ્રશંસા દિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી. સ્થાનિક લે-લીડર શ્રી એન્થની ઈમાનુએલે પાળક સાહેબની તથા તેમના કુટુંબની સેવાની પ્રશંસા યોગ્ય શબ્દો કહ્યા હતા. પાળક સાહેબની તથા તેમના કુટુંબની સેવાની કદર રૂપે તેમનું તથા તેમના કુટુંબનું પુષ્પગુચ્છ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. અને સાથે તેમને મંડળી વતી પ્રેમ ભેટ પણ આપવામાં આવી હતી. ભજનસેવા બાદ હાજર દરેકને માટે સ્થાનિક લે સમિતિના સભ્યો દ્વારા ચા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. નાસ્તાની તથા પુષ્પગુચ્છની વ્યવસ્થા માટે મંડળીના સભ્ય શ્રી ઓલ્ડ્રીચ ગામડિયા તથા કુટુંબનો ખાસ આભાર માનવામાં આવે છે. પાળક સાહેબના માર્ગદર્શન અને પ્રોત્સાહન માટે તેમનો ખાસ આભાર માનું છું.

આભાર સહ,

લે-પ્રવૃત્તિ સમિતિ - પ્રમુખ
**શ્રી એન્થની સેમસન ઈમાનુએલ**

# એમ. વાય. એફ. યુથ વીક રિપોર્ટ

**તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૨૫, સ્થળ : શાહપુર મેથોડિસ્ટ ચર્ચ**

તા. ૧૬ થી ૧૮ દરમિયાન એમ.વાય.એફ. દ્વારા યુથ વીકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પ્રથમ દિવસે તા. ૧૬-૧૦-૨૫ના રોજ બાઈબલ ક્વિઝ ડે તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ સંગતમાં સ્થાનિક એમ.વાય.એફ. પ્રમુખ એનેષાએ લીડીંગ કર્યું હતું અને પાળક સાહેબ રેવ. રાજુ પરમાર દ્વારા ગીતશાસ્ત્ર ૧૧૯:૧-૮ પર મનન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૪ ટીમ પાડી એમ.વાય.એફ. એડવાઈઝર એન્થોની ઈમાનુએલ દ્વારા બાઈબલ ક્વિઝ રમાડવામાં આવી હતી. સંગત બાદ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના સ્પોન્સર રિનિષા અને રીયોના ક્રિશ્ચિયન હતા.

એ જ પ્રમાણે બીજો દિવસ તા. ૧૭-૧૦-૨૫ 'પ્રેઈઝ એન્ડ વર્શીપ' ડે તરીકે ઉજવવામાં આવી હતી. આ સંગતમાં પ્રમુખ એનેષાએ લીડિંગ આપ્યું હતું. અને પાળક સાહેબ દ્વારા હોશિયા ૬:૧-૩ પર મનન કરવામાં આવ્યું હતું. તે બાદ ગ્રુપ સોંગ અને સોલો સોંગ રજૂ કરવામાં આવ્યા હતા. તમામ હાજર વ્યક્તિઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સંગત બાદ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના સ્પોન્સર વેલેન્ટીના દાસ હતા.

તે જ પ્રમાણે ત્રીજા દિવસે તા. ૧૮-૧૦-૨૫ એમ.વાય.એફ. ફનફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં એમ.વાય.એફ.માં ક્વાયર દ્વારા ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. તે બાદ પાળક સાહેબ દ્વારા ગીતશાસ્ત્ર ૧૧૯:૯-૧૬ પર મનન કરવામાં આવ્યું હતું. મનન બાદ સાક્ષીનો સમય રાખવામાં આવ્યો હતો. આ ફનફેસ્ટમાં એડવાઈઝર એન્થોની ઈમાનુએલ દ્વારા બાઈબલને લગતી ગેમ્સ રમાડવામાં આવી હતી. આ ગેમ્સમાં મંડળીના જુવાનો અને ભાઈ બહેનોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જી.આર.સી. અને અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના એડવાઈઝર નેવીલ ક્રિશ્ચિયને હાજરી આપી હતી. ગેમ્સ બાદ ફૂડ સ્ટોલ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફૂડ સ્ટોલ્સમાં પાણીપુરીના સ્પોન્સર રાજેશભાઈ ક્રિશ્ચિયન, સમોસા કબાબના સ્પોન્સર એન્થનીભાઈ ઈમાનુએલ અને શાવરમાના સ્પોન્સર શ્રીમતી પ્રીમાબેન માસ્ટર હતા. આ ફનફેસ્ટમાં મદદ બદલ અમે કેની અંકલનો અને આપણા પગી સુલેમાન અંકલ અને મંજુલા આન્ટીનો આભાર માનીએ છીએ. ફૂડ સ્ટોલમાં મદદ બદલ વેલેન્ટીના ગોહેલ અને વેલેન્ટીના દાસનો આભાર માનીએ છે.

ત્યારબાદ તા. ૧૯-૧૦-૨૦૨૫ના રોજ એમ.વાય.એફ. સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ દરમિયાન પ્રમુખ એનેશા હેરીએ ભક્તિસભાનું લીડિંગ કર્યું હતું. આ ભક્તિસભામાં વક્તા તરીકે શ્રી ઈમાનુએલ ક્રિશ્ચિયને હાજરી આપી હતી. ભક્તિસભા બાદ એમ.વાય.એફ. દ્વારા મંડળીના તમામ લોકોને નાસ્તો અને ચા આપવામાં આવી હતી. ત્યારબાદ હાફ ડે રીટ્રિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે શ્રી ઈમાનુએલ ક્રિશ્ચિયને સુંદર મનન કરાવ્યું હતું. આ રીટ્રિટમાં એમ.વાય.એફ.ના જુવાનો અને તેમના માતા પિતાએ હાજરી આપી હતી. રીટ્રિટ બાદ મંડળી દ્વારા તમામ હાજર લોકો માટે ભોજનની વ્યવસ્થા કરી હતી.

આ યુથ વીકની સફળતા માટે અમે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ અને પાળક સાહેબ અને અલ્પા આન્ટીનો દોરવણી આપવા બદલ અને ખાસ કરીને બંને એડવાઈઝર એન્થોની ઈમાનુએલ અને પ્રીમા માસ્ટરનો સાથ સહકાર આપવા બદલ ખૂબ જ આભાર માનીએ છીએ.

આભાર સહ,

એમ.વાય.એફ. પ્રમુખ
**કુ. એનેશા હેરી**

---

# સન્ડેસ્કૂલ કેમ્પ

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ સન્ડે સ્કૂલ બોર્ડ દ્વારા તા. ૩૧-૧૦-૨૦૨૫ - ૧-૧૧-૨૦૨૫, બે દિવસ, આલ્ફા સેન્ટર આણંદમાં સન્ડેસ્કૂલના બાળકોનો કેમ્પ રાખવામાં આવ્યો. જેમાં આપણી ડિસ્ટ્રીક્ટની મંડળીઓમાંથી જુનિયર, મધ્યમ અને સિનિયર વિભાગના બાળકો, ટીચર્સ, વોલેન્ટીયર્સ અને પાળક કુટુંબોએ ભાગ લીધો હતો. મુદ્રાલેખ - 'ઈસુ તરફ લક્ષ રાખો.' હિબ્રુ ૧૨:૨ આધારિત શિક્ષણ આપવામાં આવ્યું હતું. આપણી મંડળીમાંથી ૧૧ બાળકો, ૫ શિક્ષકો, ૨ સ્વયંસેવક અને પાળક કુટુંબ સાથે ૨૧ વ્યક્તિઓએ આ કેમ્પમાં ભાગ લીધો હતો. આ કેમ્પ માટે શ્રીમતી સારાહબેન એફ. ટેલર ૫૦૦૦, શ્રી ઈમાનુએલભાઈ એસ. ખ્રિસ્તી ૨૫૦૦, શ્રી ડેનીભાઈ એ. હેરી ૨૫૦૦ દાન આપ્યું હતું. આપના દાન માટે આભાર માનીએ છીએ. ભાગ લેનાર સર્વને માટે આ કેમ્પ આશીર્વાદિત રહ્યો હતો.

આભાર સહ,

સન્ડે સ્કૂલ સુપ્રિટેન્ડેન્ટ
**શ્રીમતી અરૂણાબેન એસ. ગામડીયા**